# નિશ્ચિંતતા

## સામંજસ્યતાની સ્થિતિ

નિશ્ચિંતતા શબ્દ, કોઈ વ્યક્તિની સ્વયં પોતાની સાથેની અને તેની આસપાસના વાતાવરણ સાથેની સામંજસ્યતાની સ્થિતિને દર્શાવે છે. શ્રીગુરુમાઈએ કહ્યું કે સિદ્ધયોગ પથની વેબસાઇટ માટે આ શ્વેત-શ્યામ ફોટો ગૅલરીની રચના કરવી જોઈએ કારણકે આ ફોટા શાશ્વતતાની અનુભૂતિને જાગ્રત કરે છે. ગુરુમાઈજીએ આ ગૅલરીને નામ આપ્યું છે — નિશ્ચિંતતા.

ગુરુમાઈજીએ એક વૃત્તાંત સંભળાવ્યો કે તેમના બાળપણમાં જ્યારે તેઓ ભારતમાં હતાં ત્યારે તેઓ ઘણીવાર વડીલોને તેમના ખબરઅંતર પૂછતાં કે તેઓ કેમ છે. ત્યારે એ વડીલો મોટેભાગે ખૂબ મધુર સ્મિત સાથે, પોતાનું માથું એક તરફ નમાવીને અને પોતાનો હાથ ઉપર ઉઠાવીને ઉત્તર આપતાં, ‘‘હું નિશ્ચિંત છું.’’ ગુરુમાઈજી ઘણા પ્રેમથી આને યાદ કરે છે. આનો તેમનાં ઉપર ઊંડો પ્રભાવ પડ્યો હતો.

શ્રીગુરુમાઈની શિખામણો આપણને આ જ શીખવે છે : દરેક સાધકમાં એ ક્ષમતા છે કે તે નિશ્ચિંત કે ચિંતામુક્ત રહી શકે — માનસિક વ્યગ્રતા ન હોવાનો અનુભવ કરવો સંભવ છે. આ ગૅલરી શ્રીગુરુમાઈ તરફથી એક આમંત્રણ છે કે આપણે નિશ્ચિંતતાની, સામંજસ્યતાની સ્થિતિનો અનુભવ કરીએ.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.